1. ‘સંસ્કૃતિ’ એટલે શું?

- સંસ્કૃતિ એટલે કોઈ એક પ્રજાની લાક્ષણિક જીવન રીતિ. ભારતીય સંસ્કૃતિ એટલે માનવતા, સહિષ્ણુતા, વિશાળતા, એકતા, બિનસાંપ્રદાયિકતા અને સાતત્યતાનાં લક્ષણ ધરાવતી સંસ્કૃતિ.

2. લોકસંસ્કૃતિનાં અંગો કયાં કયાં છે?

- લોકજીવન, લોકકલા અને કસબ એ લોકસંસ્કૃતિનાં અંગો છે.

3. આદિવાસી સંસ્કૃતિની વિશિષ્ટતા જણાવો.

- આદિવાસી સંસ્કૃતિમાં કલાનાં કેટલાંક વિશિષ્ટ લક્ષણો આ મુજબ છે : (1) માધ્યમ, (2) સાધનો, (3) પ્રક્રિયા, (4) ઉપયોગ, (5) શિક્ષણ, (6) જીવનતત્ત્વ, (7) સાતત્ય, (8) સહવાણી, (9) વિજ્ઞાન વગેરે.

4. ખ્રિસ્તી ધર્મના મુખ્ય સિદ્ધાંતો જણાવો.

- ધર્મના મુખ્ય ત્રણ સિદ્ધાંતો છે : (1) ઈશ્વરના પુત્ર અને સંદેશવાહક તરીકે ઈસુ ખ્રિસ્તમાં શ્રદ્ધા અને વિશ્વાસ, (2) સેવા તથા (3) પડોશી પ્રત્યે પ્રેમ અને સહિષ્ણુતા.

5. શીખ ધર્મના પાંચ ‘ક’ કોને કહે છે? (July 18)

- શીખ ધર્મના પાંચ ’કમાં (1) કેશ, (2) કંધો, (3) કડું ,(4) કચ્છ અને (5) કિરપાણનો સમાવેશ થાય છે

6. ભારતીય સંસ્કૃતિ કેવી સંસ્કૃતિ તરીકે ઊપસી આવી છે?

- ભારતીય સંસ્કૃતિનો ઇતિહાસ હજારો વર્ષ જૂનો છે. સમય જતાં તેમાં નવાં નવાં તત્ત્વો સમાતાં ગયાં અને આજે એકવીસમી સદીમાં ભારતીય સંસ્કૃતિ, અનેકવિધ પાસાંઓને સમાવતી ‘ભાતીગળ સંસ્કૃતિ’ તરીકે ઉપસી આવી છે.

7. ‘લોકવિદ્યા’ એટલે ? (March 19)

- લોકવિદ્યા એટલે લોકોએ પોતાનાં જીવન માટે જરૂરી એવી પોતે નિપજાવી કાઢેલી વિદ્યા કે જ્ઞાન, જે લોકસમાજમાં ઉત્પન્ન થાય

8. આદિવાસી વિશિષ્ટ સંસ્કૃતિ શાથી લુપ્ત થવાને આરે છે?

➢ આદિવાસી સંસ્કૃતિની ઓળખ વર્ષો સુધી અકબંધ રહી હતી, પરંતુ ખ્રિસ્તી મિશનરીની અસર અને આઝાદી પછીની વિકાસ યોજનાઓના કારણે તથા વિવિધ લો કોના સંપર્કમાં આવવાના કારણે તેમની વિશિષ્ટ સંસ્કૃતિ લુપ્ત થવાને આરે છે.

9. આદિવાસી સંસ્કૃતિનાં કયાં ચાર લક્ષણો છે?

➢ આદિવાસી સંસ્કૃતિનાં આ ચાર લક્ષણો છે : (1) કદમાં નાની, (2) વિવિધતા, (3) વિશિષ્ટતા અને (4) સ્વાવલંબન.

10. કયાં ચિત્રો આદિવાસી ચિત્રકલાની ભેટ છે ?

➢ રાઠવાઓના પીઠોરા'નાં ચિત્રો, ચૌધરીઓના 'નવા'નાં ચિત્રો, કુંકણીઓનાં 'પસલી', ભીલોના 'ભારાડી' અને ભીલગરાસિયાના 'ગોત્રજ'નાં ચિત્રો વગેરે ચિત્રનાં અનેક સ્વરૂપો આદિવાસી ચિત્રકલાની ભેટ છે.

11. આદિવાસી સંગીતકલામાં કયાં ચર્મવાદ્યોનો સમાવેશ થાય છે ?

➢ આદિવાસી સંગીતકલામાં ઢોલ, ડૉબારું, નગાર, ત્રાંસા વગેરે ચર્મવાઘોનો સમાવેશ થાય છે.

12. આદિવાસી સંગીતકલામાં કયાં સુષિર (કાણાંવાળાં) વાદ્યોનો સમાવેશ થાય છે ?

➢ આદિવાસી સંગીતકલામાં વાંસળી, શંખ, શરણાઈ, ભૂંગળ સારંગી વગેરેનો સુષિર (કાણાંવાળાં) વાઘોનો સમાવેશ થાય છે.

13. આદિવાસી સંગીતામાં ક્યાં તંતુવાદ્યોનો સમાવેશ થાય છે?

➢ આદિવાસી સંગીતકલામાં તંબુરો, મંજીરા અને બોર વગેરે તંતુવાદ્યોનો સમાવેશ થાય છે.

14. આદિવાસીઓનાં ક્યાં નૃત્યો જાણીતાં છે?

➢ આદિવાસીઓનાં 'ઘેરયા નૃત્ય', 'તારકા નૃત્ય', 'ડૉબરા નૃત્ય' અને 'ડાકણી નૃત્ય' વગેરે નૃત્યો જાણીતાં છે.

15. ગુજરાતના આદિવાસીઓ કઈ કઈ માટીની આકૃતિ દેવને ચડાવે છે?

➢ ગુજરાતના આદિવાસીઓ ઘોડા, હાથી, વાઘ, ગાય, બળદ, પુરુષ, મહિલા વગેરે માટીની આ કૃતિ દેવને ચડાવે છે.

16. ગુજરાતના આદિવાસીઓ કઈ કઈ માટીની આકૃતિ દેવને ચડાવે છે?

- ગુજરાતના આદિવાસીઓ ઘોડા, હાથી, વાઘ, ગાય, બળદ, પુરુષ, મહિલા વગેરે માટીની આ કૃતિ દેવને ચડાવે છે.

17. ગુજરાતના આદિવાસીઓ કઈ કઈ માટીની આકૃતિ દેવને ચડાવેછે?

- ગુજરાતના આદિવાસીઓ ઘોડા, હાથી, વાઘ, ગાય, બળદ, પુરુષ, મહિલા વગેરે માટીની આ કૃતિ દેવને ચડાવે છે.

18. સમુદાયના પ્રકારો કેટલા છે? કયા કયા?

- સમુદાયના ચાર પ્રકારો છે : (1) ધાર્મિક સમુદાય, (2) ગ્રામ સમુદાય (3) શહેર સમુદાય અને (4) આદિવાસી સમદાય.

19. 'ધાર્મિક સમુદાય' એટલે શું?

- ધાર્મિક સમુદાય એટલે એવું ચોક્કસ જૂથ કે જેનું પોતાનું આગવું તત્ત્વજ્ઞાન, પૂજાઉપાસના પદ્ધતિ, ધાર્મિક માન્યતાઓ, વિધિવિધાનો, આચારસંહિતા વગેરેમાં સમાનતા ધરાવતા સમુદાયને ધાર્મિક સમુદાય' કહે છે.

20. ભારતના બંધારણની કલમ 25 (1) ભારતના નાગરિકને જ્યો અધિકાર આપે છે?

- ભારતના બંધારણની કલમ 25 (1) ભારતના તમામ નાગરિકને પોતાનો ધર્મ સ્વતંત્ર રીતે સ્વીકારવાનો, વ્યવહારમાં લાવવાનો તેમજ તેનો પ્રચાર અને પ્રસાર કરવાનો અધિકાર આપે છે.

21. હિન્દુ ધર્મના ક્યા ત્રણ મહત્ત્વના સિદ્ધાંતો છે?

- હિન્દુ ધર્મના આ ત્રણ મહત્ત્વના સિદ્ધાંતો છે : (1) ધર્મ, (2) કર્મ અને (3) મોક્ષ.

22. હિન્દુ ધર્મમાં વ્યક્તિએ સમગ્ર જીવન દરમિયાન કેટલા સંસ્કારોમાંથી પસાર થવું પડે છે? જેમાં ક્યા સંસ્કારો મુખ્ય છે?

- હિન્દુ ધર્મમાં વ્યક્તિએ સમગ્ર જીવન દરમિયાન કુલ 16 સંસ્કારોમાંથી પસાર થવું પડે છે. જેમાં જન્મ, લગ્ન અને મૃત્યુ સંસ્કાર મુખ્ય છે.

23. હિન્દુ ધર્મમાં ક્યા ચાર ભાગ છે?

➢ હિન્દુ ધર્મમાં આ ચાર ભાગ છે (1) શૈવ, (2) વૈષ્ણવ, (3) શાક્ત અને (4) સ્માત.

24. હિન્દુ ધર્મના મુખ્ય ધાર્મિક તહેવારો કયા છે?

➢ દિવાળી, હોળી, નવરાત્રી, દશેરા, જન્માષ્ટમી, રામનવમી, શિવરાત્રી વગેરે હિન્દુ ધર્મના મુખ્ય ધાર્મિક તહેવારો છે.

25. ઇસ્લામ ધર્મમાં કઈ મુખ્ય ધાર્મિક વિધિઓ છે?

➢ ઇસ્લામ ધર્મમાં તૌહીદ, નમાજ, રોજા, જકાત, હજ અને ખેરાત એ મુખ્ય ધાર્મિક વિધિઓ છે.

26. ઇસ્લામ ધર્મમાં કયા પંચાંગ મુજબ ધાર્મિક બાબતે લગ્ન અને ઉત્સવોની ઉજવણી થાય છે?

➢ ઇસ્લામ ધર્મમાં હીજરી' પંચાંગ મુજબ ધાર્મિક બાબતો લગ્ન અને ઉત્સવોની ઉજવણી થાય છે.

27. મુસ્લિમો કયા બે વિભાગોમાં વિભાજિત છે?

➢ મુસ્લિમો શિયા' અને 'સુન્ની' એમ બે વિભાગોમાં વિભાજિત છે. ભારતમાં સુન્ની મુસ્લિમોની સંખ્યા વધુ છે.

28. ઇસ્લામ ધર્મમાં કયા મુખ્ય ધાર્મિક ઉત્સવો છે?

➢ ઇસ્લામ ધર્મમાં રમજાન ઈદ, બકરી ઈદ, મહોરમ વગેરે મુખ્ય ધાર્મિક ઉત્સવો છે.

29. ભારતમાં ખ્રિસ્તીઓ મોટે ભાગે કયા રાજ્યમાં વસવાટ કરે છે?

➢ ભારતમાં ખ્રિસ્તીઓ મોટે ભાગે ગોવા, મહારાષ્ટ્ર, અરુણાચલ પ્રદેશ, કેરલ અને તમિલનાડુ રાજ્યમાં વસવાટ કરે છે.

30. કેથલિક સંપ્રદાયના ખ્રિસ્તીઓ કયાં ધાર્મિક સ્થળોની તીર્થયાત્રા કરે છે?

➢ કેથલિક સંપ્રદાયના ખ્રિસ્તીઓ મુંબઈ અને અનકુલમ(કેરલ)નાં ધાર્મિક સ્થળોની તીર્થયાત્રા કરે છે.

31. ખ્રિસ્તીઓના કયા મુખ્ય તહેવારો છે?

➢ નાતાલ, ઈસ્ટર, ગુડ ફ્રાઈડે વગેરે ખ્રિસ્તીઓના મુખ્ય તહેવારો છે.

32. ભારતમાં જૈન ધર્મના અનુયાયીઓ મોટે ભાગે કયા રાજ્યમાં વસવાટ કરે છે ?

➢ ભારતમાં જૈન ધર્મના અનુયાયીઓ મોટે ભાગે મહારાષ્ટ્ર અને રાજસ્થાન રાજ્યમાં વસવાટ કરે છે.

33. જૈન સમુદાયમાં કયા બે વિભાગો છે ? (March 18)

➢ જૈન સમુદાયમાં આ બે વિભાગો છે : (1) શ્વેતાંબા (2) દિગંબર.

34. જૈન સમુદાય ક્યા તત્ત્વના જ્ઞાનમાં માને છે?

➢ જૈન સમુદાય, અનેકાંતવાદ, પરલૌકિકવાદ, અહિંસા, દઈ ધર્મ, મોક્ષ, સત્ય, અસ્તેય, અપરિગ્રહ વગેરેના તત્ત્વના જ્ઞાનમાં માને છે

35. શીખ ધર્મમાં 'મજહબી' તરીકે કોણ ઓળખાય છે?

➢ શીખ ધર્મ અપનાવનાર નિમ્ન જ્ઞાતિના લોકો 'મજહબી' તરીકે ઓળખાય છે.

36. શીખ ધર્મના અનુયાયીઓ જે ધાર્મિક કીર્તન કરે છે, તેને શું કહે છે?

➢ શીખ ધર્મના અનુયાયીઓ જે ધાર્મિક કીર્તન કરે છે, તેને 'ગુરબાની' કહે છે.

37. બૌદ્ધ ધર્મમાં ક્યા ત્રણ સૈદ્ધાંતિક તફાવતો છે?

➢ બૌદ્ધ ધર્મમાં હીનયાન, મહાયાન અને વિરાજમાન એમ ત્રણ સૈદ્ધાંતિક તફાવતો છે.

38. બૌદ્ધ ધર્મના મહત્ત્વનાં કેન્દ્રો ક્યાં છે?

➢ સારનાથ, સાંચી અને બોધિગયા બૌદ્ધ ધર્મના મહત્ત્વનાં કેન્દ્રો છે.

39. પારસી સમુદાયનાં કયાં ધાર્મિક સુત્રો છે?

➢ પારસી સમુદાયનાં મુખ્ય ત્રણ ધાર્મિક સૂત્રો છે : (1) હસ્ત (સારા વિચારો), (2) હુન્ત (સારા શો) અને (3) હુવરસ્ત (સારાં કર્મો).

40. ભારત સરકારે કયા છે સમુદાયોને 'લઘુમતી સમુદાય' તરીકે જાહેર કર્યા છે?

➢ ભારત સરકારે આ છે સમુદાયોને લઘુમતી સમુદાય તરીકે જાહેર કર્યા છે : (1) મુસ્લિમ સમુદાય, (2) શીખ સમુદાય, (3) ખ્રિસ્તી સમુદાય, (4) બૌદ્ધ સમુદાય, (5) પારસી સમુદાય અને (6) જૈન સમુદાય.

41. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી કયાં પરિબળોના કારણે ગામ સમુદાયમાં પરિવર્તન આવ્યાં છે?

- સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી નવી અનામતનીતિ, એનજીઓની, ભૂમિકા, માહિતી પ્રાપ્ત કરવાનો અધિકાર, સરકારી યોજનાઓ પરિબળોનાં કારણે ગ્રામ સમુદાયમાં પરિવર્તન આવ્યાં છે.

42. કયાં કારણોના લીધે ગ્રામ સમુદાયો વૈશ્વિક અને શાળ અર્થવ્યવસ્થાનો ભાગ બનવા લાગ્યા છે?

- કૃષિક્રાંતિ, શ્વેતક્રાંતિ અને સંચારક્રાંતિનાં કારણ ગ્રામ સમુદાયો વૈશ્વિક અને રાષ્ટ્રીય અર્થવ્યવસ્થાનો ભાગ લાગ્યા છે,